### ૮,૨૧૪ ઈમરજન્સી કેસ, ૧,૦૮૯ ગંભીર દર્દીઓના જીવ બચાવ્યા

# વડોદરાની ૧૦૮ ઈમરજન્સી સેવા કટોકટીની ક્ષણે વડોદરાની ૧૦૮ સેવા બની જીવાદોરી



(પ્રતિનિધિ ) વડોદરા તા.6

જ્યારે જીવનની ક્ષણે-ક્ષણ કિંમતી હોય છે ત્યારે વડોદરાની ૧૦૮ ઈમરજન્સી સેવા નાગરિકો માટે જીવાદોરી બની રહી છે. માર્ગ અકસ્માત, હૃદયરોગ, શ્વાસની તકલીફ અને પ્રસૂતિ જેવી કટોકટીમાં ૨૪ કલાક મફત એમ્બ્યુલન્સ સેવા સાથે દર્દીને હોસ્પિટલ પહોંચતા પહેલાં જ તાલીમબદ્ધ તબીબી સહાય પૂરી પાડવામાં આવે છે. ૨૯ ઓગસ્ટ, ૨૦૦૭ના રોજ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલી આ સેવા આજે ઈમરજન્સી આરોગ્યસંભાળનું મહત્વપૂર્ણ નેટવર્ક બની છે. ઓગસ્ટ ૨૦૨૬માં વડોદરા જિલ્લામાં ૮,૨૧૪ ઈમરજન્સી કેસ સંભાળવામાં આવ્યા હતા. જેમાં ગર્ભાવસ્થા સંબંધિત ૧,૩૮૦, ટ્રોમા/વાહન અકસ્માતના ૧,૧૩૨, હૃદયરોગના ૪૮૩ અને શ્વાસની તકલીફના ૬૮૧ કેસનો સમાવેશ થાય છે. આ દરમિયાન ૭,૭૬૧ લાભાર્થીઓને મદદ મળી અને ૧,૦૮૯ ગંભીર દર્દીઓના જીવ બચાવવામાં આવ્યા. એમ્બ્યુલન્સમાં ૪૪ સફળ પ્રસૂતિ પણ કરાવવામાં આવી હતી. વડોદરામાં ૬૨ એમ્બ્યુલન્સ ૪,૩૧૨ ચોરસ કિમી વિસ્તારમાં કાર્યરત છે અને સરેરાશ ઈમરજન્સી રિસ્પોન્સ સમય ૧૦ મિનિટ ૪૭ સેકન્ડ રહ્યો હતો. એડવાન્સ તથા બેઝિક લાઈફ સપોર્ટ અને નિયો-નેટલ એમ્બ્યુલન્સ દ્વારા સેવા આપવામાં આવે છે. વડોદરામાં અત્યાર સુધી ૧૧.૭૮ લાખ ઈમરજન્સી કેસ હાથ ધરાયા છે અને ૧.૧૮ લાખ જિંદગીઓ બચાવવામાં આવી છે. ગોલ્ડન અવરમાં મળતી આ તાત્કાલિક સેવા અનેક પરિવારો માટે જીવનની બીજી તક બની રહી છે.

# સોખડામાં પરિણીતાએ ઝેરી દવા પીધી, સયાજી હોસ્પિટલમાં સારવાર

### ૧૦૮ એમ્બ્યુલન્સની સમયસૂચકતાથી દર્દીને હોસ્પિટલ પહોંચાડાયા

(પ્રતિનિધિ ) વડોદરા તા.6

વડોદરા નજીક આવેલા સોખડા ગામે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં ૩૫ વર્ષીય અંકિતાબેન ભરતભાઈ ગોહિલે કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે જ ફિનાઈલ અને કીડી મારવાની દવા પી લીધી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. આ પગલું ભર્યા બાદ તેમની તબિયત અચાનક લથડતા પરિવારજનો અને સ્થાનિકોમાં દોડધામ મચી ગઈ હતી.

અંકિતાબેન ભરતભાઈ ગોહિલ. ઉંમર વર્ષ ૩૫, રહે સોખડા ગામે આવેલ 'ભાવિન પટેલ ફાર્મ' ખાતે રહે છે. આજે કોઈક કારણસર તેઓએ આત્મઘાતી પગલું ભરતા ફિનાઈલ અને કીડી મારવાનો પાવડર પી લીધો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકોએ તાત્કાલિક ઈમરજન્સી સેવા ૧૦૮ એમ્બ્યુલન્સનો સંપર્ક કર્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ સમયસર ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને દર્દીને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા.

સયાજી હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, દર્દી હાલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં સારવાર હેઠળ છે. ઝેરી પદાર્થ ગળામાં ઉતરી જવાના કારણે દર્દીને સતત ઊલટીઓ થઈ રહી છે, જેથી તબીબોની વિશેષ ટીમ દ્વારા તેમને ત્વરિત અને સઘન સારવાર આપવામાં આવી રહી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસ દ્વારા પણ આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે કે આ પગલું ભરવા પાછળનું ચોક્કસ કારણ શું હતું.

### મેડિકલ કોલેજમાં ફાઉન્ડેશન કોર્સ સપ્તાહ

# બરોડા મેડિકલ કોલેજમાં નવી બેચને પોલીસ કમિશનરે આપ્યો શિસ્ત અને સુરક્ષાનો સંદેશ



(પ્રતિનિધિ ) વડોદરા તા.6

વડોદરા શહેરની બરોડા મેડિકલ કોલેજ ખાતે નવી પ્રવેશ પામેલી બેચના વિદ્યાર્થીઓ માટે વિશેષ ફાઉન્ડેશન કોર્સ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રવેશ મેળવેલા તમામ વિદ્યાર્થીઓ અને કોલેજના સંચાલકો પ્રાધ્યાપકો સહિત સુપ્રિટેન્ડન્ટ ઉપસ્થિત રહ્યા હતા.

વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભાવિ તબીબોને એક વાલી, પોલીસ અધિકારી અને સમાજના માર્ગદર્શક તરીકે પોતાના વિચારો રજૂ કર્યા હતા. પોલીસ કમિશનરે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, મેડિકલ જેવા ઉમદા વ્યવસાયમાં શિસ્ત અને નૈતિક મૂલ્યોનું પાલન અત્યંત જરૂરી છે. જીવનમાં કાયદાકીય પાસાઓ પ્રત્યે સતત જાગૃત રહેવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે, આ વખતે બરોડા મેડિકલ કોલેજમાં 250થી વધુ એમબીબીએસ અને નર્સિંગના વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે અને હાલ તેમનો ફાઉન્ડેશન કોર્સ ચાલી રહ્યો છે. તેના ભાગરૂપે કેમ્પસને વધુ સુરક્ષિત બનાવવાની દિશામાં વડોદરા શહેર પોલીસ સાથે આ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન વિદ્યાર્થીઓને એન્ટી રેગિંગ કાયદો, મેન્ટલ હેરેસમેન્ટ, સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો અને નશામુક્ત કેમ્પસ બનાવવાની દિશામાં વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે, મોટી સંખ્યામાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે, તેમનું શૈક્ષણિક કાર્ય સુખદ અને સુંદર બને અને ભવિષ્યમાં ડોક્ટર બનીને સમાજમાં સેવા માટે ઉતરે ત્યારે જવાબદાર નાગરિક અને શ્રેષ્ઠ ડોક્ટર તરીકેની ફરજ બજાવે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## ૭ ઓક્ટોબરે નવલખી ગ્રાઉન્ડથી પોલો ગ્રાઉન્ડ સુધી યોજાશે વિશાળ પદયાત્રા

વડોદરાઃ 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વડોદરા શહેરમાં ૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ 'સેવા જ્યોત યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯ વાગ્યે નવલખી ગ્રાઉન્ડથી શરૂ થનારી આ વિશાળ પદયાત્રા પોલો ગ્રાઉન્ડ સુધી યોજાશે. આ કાર્યક્રમનું આયોજન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી પદથી લઈને ભારતના વડાપ્રધાન તરીકેના લાંબા જાહેર જીવન અને સેવાકાળની સ્મૃતિમાં કરવામાં આવ્યું હોવાનું આયોજકો દ્વારા જણાવાયું છે. ગુજરાતથી શરૂ થયેલી તેમની લોકસેવાની સફરની સ્મૃતિમાં દેશભરમાં એકસાથે 'સેવા જ્યોત યાત્રા' યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન સવારે ૧૦ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહી દેશવાસીઓને સંબોધન કરશે. વડોદરા શહેરના નાગરિકોને આ યાત્રામાં મોટી સંખ્યામાં જોડાવા માટે આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

### GIDCની ઔદ્યોગિક વસાહતોમાં સફાઈ સાથે હરિયાળીનો સંકલ્પ

# સફાઈ અભિયાન, વૃક્ષારોપણ, આરોગ્ય તપાસ અને સફાઈ કર્મચારીઓનું સન્માન યોજાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) વડોદરા વિભાગ દ્વારા 'સેવા સંકલ્પ અભિયાન' અને 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અંતર્ગત વિવિધ ઔદ્યોગિક વસાહતોમાં સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ અને જનકલ્યાણલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. સાવલી, મકરપુરા, નંદેસરી, PCC-રણોલી, પોર-રમણગામડી, વાઘોડિયા, કાલોલ અને હાલોલ-૨ સહિતના વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. જેસીબી અને ટ્રેક્ટર-ટ્રોલીની મદદથી મુખ્ય માર્ગો, વરસાદી ગટરો, ડિવાઈડર, કચેરી પરિસર અને જાહેર સ્થળોએથી પ્લાસ્ટિક, સૂકું ઘાસ તથા ઘન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. નંદેસરીમાં 'વૃક્ષો વાવો-પર્યાવરણ બચાવો'ના સંદેશ સાથે



વૃક્ષારોપણ કરી સફાઈ કર્મચારીઓને 'સ્વચ્છતાના સાચા હીરો' તરીકે સન્માનિત કરાયા હતા. વાઘોડિયામાં સ્થાનિક ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સહયોગથી નિઃશુલ્ક મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો, જેમાં શ્રમિકોના બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને હૃદય સંબંધિત તપાસ કરવામાં આવી હતી. PCC-રણોલીમાં વિદ્યાર્થીઓની ભાગીદારીથી વૃક્ષારોપણ તથા સાયન્સ મોડલ પ્રદર્શન યોજાયું હતું. કાલોલ અને હાલોલ-૨માં પ્રત્યેક વસાહતમાં આશરે ૫૦ વૃક્ષોનું વાવેતર કરી ગ્રીન બેલ્ટ મજબૂત બનાવાયો હતો. અભિયાનનો ઉદ્દેશ ઉદ્યોગો અને સ્થાનિક હિતધારકોની ભાગીદારીથી 'સ્વચ્છ અને હરિયાળી ઔદ્યોગિક વસાહત'નું નિર્માણ કરવાનો રહ્યો હતો.

## દાહોદ જિલ્લામાં તાલુકા તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમો યોજાશે

દાહોદ : દાહોદ જિલ્લામાં નાગરિકોની રજૂઆતો અને પ્રશ્નોના ઝડપી તથા અસરકારક નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા યોજાતા સ્વાગત કાર્યક્રમ અંતર્ગત આગામી દિવસોમાં તાલુકા તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તાલુકા સ્વાગત કાર્યક્રમો હેઠળ નાગરિકો પોતાના વ્યક્તિગત તેમજ જાહેર પ્રશ્નોની લેખિત અરજી તારીખ ૧૦ ઓક્ટોબર સુધીમાં રજૂ કરી શકશે. અરજદારોએ પોતાની અરજી સાથે આધારરૂપ જરૂરી દસ્તાવેજો રજૂ કરવાના રહેશે. તાલુકા કક્ષાના પ્રશ્નોની અરજીઓ સંબંધિત મામલતદાર કચેરી ખાતે સ્વીકારવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા સ્વાગત કાર્યક્રમ માટે પણ નાગરિકો પોતાના પ્રશ્નોની અરજી રજૂ કરી શકશે. જિલ્લા કક્ષાના પ્રશ્નો માટે અરજદારોએ નિર્ધારિત સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે. નાગરિકો સ્વાગત અરજી ઓનલાઈન પોર્ટલ મારફતે પણ કરી શકશે.

### આ પ્રસંગ આયુર્વેદ જગત માટે ગૌરવપૂર્ણ અને યાદગાર બની રહ્યો હતો

# આયુર્વેદ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ ડો. રવિન્દ્ર અમીનનું સન્માન

(પ્રતિનિધિ) વડોદરા તા.6

તાજેતરમાં સુરત ખાતે યોજાયેલી 'વંદે આયુ કોન કોન્ફરન્સ ૨૦૨૬'માં વડોદરાના ૮૨ વર્ષીય ડો. રવિન્દ્ર અમીનનું આયુર્વેદ ક્ષેત્રે તેમના લાંબા સમયના યોગદાન બદલ પ્રશસ્તિપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. ગુજરાતના આયુર્વેદ જગતમાં જાણીતા અને આયુર્વેદ પ્રત્યે સતત સમર્પિત રહેલા ડો. અમીનને મળેલું આ બહુમાન સમગ્ર આયુર્વેદ ક્ષેત્ર માટે ગૌરવની ઘટના બની હતી. આ પ્રસંગે ગુજરાત આયુર્વેદ કાઉન્સિલના પ્રમુખ ડો. જીગ્નેશ પટેલ, SGCCIના પ્રમુખ શ્રી અશોક જીરાવાળા તથા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાના હસ્તે ડો. રવિન્દ્ર અમીનને પ્રશસ્તિપત્ર એનાયત



કરવામાં આવ્યું હતું. આયુર્વેદ પ્રત્યેના તેમના પ્રેમ, ક્ષેત્ર સાથેના લાંબા જોડાણ અને વિવિધ ક્ષેત્રોમાં આપેલા યોગદાનને ધ્યાનમાં રાખીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

૮૨ વર્ષની ઉંમરે પણ આયુર્વેદ ક્ષેત્ર સાથે સક્રિય રીતે જોડાયેલા ડો. અમીન માટે આ સન્માન વિશેષ ગૌરવની ક્ષણ બની રહ્યું હતું. કોન્ફરન્સમાં મોટી સંખ્યામાં વૈદ્યો, વડીલો, ઉદ્યોગપતિઓ અને આયુર્વેદ ક્ષેત્ર સાથે સંકળાયેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ડો. અમીનના સન્માનને ઉપસ્થિત સૌએ આવકાર્યું હતું અને સમગ્ર કાર્યક્રમ દરમિયાન આ પ્રસંગ આયુર્વેદ જગત માટે ગૌરવપૂર્ણ અને યાદગાર બની રહ્યો હતો.

### પ્રદર્શનમાં દેશભરમાંથી ૫૫થી વધુ ડિઝાઇનર્સ અને બ્રાન્ડ્સ ભાગ લેશે

# વડોદરામાં ૮ ઓક્ટોબરે FICCI FLOનું 'Ariso ૫.૦' લાઈફસ્ટાઈલ એક્ઝિબિશન યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરામાં FICCI FLO દ્વારા 8 ઓક્ટોબરે 'Ariso 5.0' લાઈફસ્ટાઈલ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું છે. વસણા રોડ સ્થિત શક્તિ ગ્રીન્સ ખાતે યોજાનારા આ પ્રદર્શનમાં દેશભરમાંથી 55થી વધુ ડિઝાઈનર્સ અને બ્રાન્ડ્સ ભાગ લેશે.

FICCI FLO વડોદરાના ચેરપર્સન સ્મિતા જાટિયા અને કો-ચેરપર્સન નેહા પટેલના માર્ગદર્શન હેઠળ યોજાનારા Ariso 5.0માં ફેશન, જ્વેલરી, શૂઝ, હોમ ડેકોર, આર્ટિફેક્ટ્સ અને લાઈફસ્ટાઈલ પ્રોડક્ટ્સ સહિતની વિવિધ વસ્તુઓ એક જ સ્થળે ઉપલબ્ધ રહેશે. મુંબઈ, દિલ્હી, કોલકાતા સહિતના શહેરોના જાણીતા ડિઝાઈનર્સ ઉપરાંત પરંપરાગત કારીગરો અને વણકરોને પણ પ્લેટફોર્મ મળશે. અમદાવાદના સેન્ડવિચ, મુંબઈની ભેળ સહિત કોફી અને આઈસ્ક્રીમના ફૂડ




સ્ટોલ્સ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. પ્રદર્શનના ટાઈટલ સ્પોન્સર તરીકે Alokhi C. H. Jewellersના સિદ્ધાંત માંડલિયા તથા સહ-પાર્ટનર તરીકે Dr. Krishi Mandaliya તરફથી Nvya જોડાયા છે. સ્મિતા જાટિયાએ જણાવ્યું હતું કે, Ariso 5.0 દ્વારા નવી પ્રતિભા, કારીગરી અને ઉભરતી બ્રાન્ડ્સને વિશાળ પ્લેટફોર્મ મળશે. FICCI FLO આ આયોજનમાંથી થતી આવકનો ઉપયોગ ગ્રામ્ય મહિલાઓ અને બાળકોના કલ્યાણ માટે કરે છે. સંસ્થા દ્વારા ડિજિટલ-ફાઈનાન્શિયલ લિટરસી, STEM લેબ અને સાઈબર સિક્યુરિટી જાગૃતિ જેવા કાર્યક્રમો ચલાવવામાં આવે છે. છેલ્લા છ મહિનામાં આશરે 38 હજાર મહિલાઓ અને બાળકો સુધી સંસ્થા પહોંચી છે.

# છાણી રોડ પર ચાલતી રિક્ષામાંથી પટકાયેલી મહિલાને ઈજા

### ખુમારની ચાલમાં રહેતા આસમાબેન પઠાણ રિક્ષામાંથી નીચે પટકાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૬

શહેરના છાણી રોડ વિસ્તારમાં આજે બપોરે એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. ઓટો રિક્ષામાં મુસાફરી કરી રહેલા ૪૫ વર્ષીય મહિલા અચાનક રિક્ષામાંથી નીચે પટકાતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતને પગલે થોડીવાર માટે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. આસમાબેન આજે બપોરે ઓટો રિક્ષામાં બેસીને ક્યાંક જઈ રહ્યા હતા. તે દરમિયાન છાણી રોડ પર આવેલી સંત જોસેફ સ્કૂલની સામે પહોંચતા અચાનક તેઓ ચાલતી રિક્ષામાંથી નીચે ફંગોળાઈને રોડ પર પટકાયા હતા. રિક્ષામાંથી નીચે પડવાના કારણે તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને તેઓ ઘટનાસ્થળે જ બેભાન થઈ ગયા હતા. અકસ્માતની આ ગંભીર ઘટના જોઈને સ્થાનિક રાહદારીઓ અને આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. લોકો દ્વારા તરત જ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને જાણ કરવામાં આવી હતી. ૧૦૮ ની ટીમ સમયસર ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

અને બેભાન હાલતમાં રહેલા આસમાબેનને તાત્કાલિક સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, હાલ આસમાબેનની સારવાર ચાલી રહી છે, પરંતુ માથામાં ગંભીર ઈજા હોવાથી તેઓ હજુ પણ બેભાન અવસ્થામાં જ છે. ડોક્ટરોની ટીમ તેમની સારવાર માટે સઘન પ્રયાસો કરી રહી છે. આ બનાવને પગલે ઈજાગ્રસ્ત મહિલાના પરિવારમાં શોક અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આ ઘટના અંગે વધુ તપાસ સ્થાનિક પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

### ૫૯ વર્ષિય ગરબા કિંગ ખેલૈયાનો આજેપણ દબદબો

# પ્રતાપ રાંજણગાવકર ગરબા ગ્રાઉન્ડ ઉપર યુવાનોને આપે છે ચેલેન્જ

### ગરબા કિંગ અને બેસ્ટ કોસ્ચ્યુમના અનેક ઇનામો મેળવી ચૂક્યા છે પ્રતાપ રાંજણગાવકર

(પ્રતિનિધિ) વડોદરા તા.6

11 થી 19 ઓક્ટોબર સુધી માતાજીની આરાધનાના પર્વ સમા નવરાત્રિની ઉજવણી કરવામાં આવશે ત્યારે શહેરના માંજલપુર વિસ્તારમાં રહેતા ૫૯ વર્ષિય ખેલૈયા ગરબા કિંગ અને બેસ્ટ કોસ્ચ્યુમ જેવા અનેક ઈનામ દર વર્ષે પ્રાપ્ત કરીને યુવાનોને ગરબામાં ચેલેન્જ આપે છે. જેઓ દ્વારા આ વર્ષે લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ માટે પ્રયાસ હાથ ધરાયો છે. જે વિશે માહિતી આપતા ૫૨ વર્ષથી ગરબા રમતા બી.એસ.એન.એલ.



ના રીટાયર્ડ આસી. જનરલ મેનેજર પ્રતાપ રાંજણગાવકરે જણાવ્યું હતું કે, ચોખંડીના શેરી ગરબાથી શરૂઆત કરી આર્કીના ગરબા, ઓએનજીસીના ગરબા, કલ્યાણબાગના ગરબા અને યુનાઈટેડ વે જેવા ગરબા મહોત્સવમાં જુદા જુદા વેશ પરિધાન કરી ગરબા રમીને ગરબા કિંગ અને બેસ્ટ કોસ્ચ્યુમના અનેક ઈનામો મેળવી ચૂક્યો છું. જે સમયે નોકરીમાં ચાલુ હતી ત્યારે એક પણ રજા લીધા સિવાય રોજે ગરબા રમતો હતો. હાલ નિવૃત થયા બાદ પણ તે પરંપરા તોડી નથી. વડોદરાની આગવી ઓળખ અને સમાજમાં એકતા અને સમાનતાનો પણ સંદેશ પ્રસરાવતા ગરબા વિશે વધુને વધુ લોકો અને ખાસ કરીને આવનારી પેઢીને જાણે તેવા પ્રયાસ સાથે આ વર્ષે લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ માટે નામ નોંધાવ્યું છે.

### BCC ગરબા મહોત્સવમાં ત્રણ હજાર જેટલા બાળકો ગરબે ઘૂમશે

# ૪ થી ૧૬ વર્ષના બાળકોને ગરબાના માધ્યમથી સિંગર સનત પંડ્યા ભારતીય સંસ્કૃતિ સાથે જોડશે

### ગરબાના માધ્યમથી બાળકોમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરા પ્રત્યે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે

(પ્રતિનિધિ ) વડોદરા તા.6

છેલ્લા ૪૦ વર્ષથી સંગીતના માધ્યમથી માતાજીની આરાધના કરતા ગૌરવ પુરસ્કાર વિજેતા સિંગર સનત પંડ્યા અને તેમના ગ્રૂપના તાલે ૪ થી ૧૬ વર્ષના બાળકો બરોડા સિટિઝન કાઉન્સિલ (BCC) ગરબા મહોત્સવ-૨૦૨૬માં ગરબે ઘૂમશે.

સનત પંડ્યાએ જણાવ્યું હતું કે સોશિયલ મીડિયાના વધતા પ્રભાવ વચ્ચે બાળકો નાની ઉંમરથી મોબાઈલ તરફ આકર્ષાઈ રહ્યા છે. ત્યારે બાળકોને ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતના



પરંપરાગત ગરબા સાથે જોડવા માટે BCC દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. ગરબા મહોત્સવમાં આશરે ત્રણ હજાર બાળકો ભાગ લેશે.

આ વર્ષે કલાપ્રેમીઓ માટે વિશેષ આકર્ષણ તરીકે સનત પંડ્યાની ધર્મપત્ની અને છેલ્લા ૪૦ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત હેમા પંડ્યાએ લખેલા 'રૂમઝૂમ પગલે આવો મોરી મા, મા તને ઝાઝી ખમ્મા' ગીતનું સનત પંડ્યા દ્વારા કમ્પોઝિશન કરવામાં આવ્યું છે. એલેમ્બીક ક્રિકેટ મેદાન ખાતે યોજાનારા આ ગરબા મહોત્સવમાં બાળકો માટે દરરોજ આકર્ષક ઈનામો આપવામાં આવશે. જ્યારે મહોત્સવના અંતિમ દિવસે ખેલૈયાઓ માટે બમ્પર પ્રાઈઝનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગરબાના માધ્યમથી બાળકોમાં ભારતીય સંસ્કૃતિ અને પરંપરા પ્રત્યે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# ૪૫૦ વિદ્યાર્થીઓએ દર્શાવી વિકસિત ભારતની કલ્પના




(પ્રતિનિધિ) વડોદરા તા.8

સેવાના રંગે રંગાયું વડોદરા, વડોદરાઃ વડોદરા મહાનગર ભાજપ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 25 વર્ષના જનસેવા, સુશાસન અને રાષ્ટ્રનિર્માણની પૂર્ણ થયેલી યાત્રા નિમિત્તે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત 'સેવાના રંગ રાષ્ટ્રને સંગ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા એસ.ટી. ડેપો ખાતે જિલ્લા શિક્ષણ વિભાગ અને ભાજપ મહિલા મોરચાના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની 450 વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં 'વિકસિત ભારત'ની થીમ પર રંગોળી અને કોલાજ વર્ક સ્પર્ધા યોજાઈ હતી. આત્મનિર્ભર ભારત, સેવા સંકલ્પ અભિયાન, પ્રધાનમંત્રી મુદ્રા યોજના અને વિશ્વ યોગ દિવસ સહિતની વિવિધ કેન્દ્રીય યોજનાઓને કલાકૃતિઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી. ફૂલ, ફળ, ચોખા, મગ તથા મિલેટ્સ જેવી પ્રાકૃતિક વસ્તુઓનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓએ સર્જનાત્મક કૃતિઓ તૈયાર કરી હતી. સ્પર્ધાના વિજેતાઓનું ભાજપ વડોદરા મહાનગરના અધ્યક્ષ ડો. જયપ્રકાશભાઈ સોની દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

### ગોરવા પોલીસનો તેરા તુજકો અર્પણ કાર્યક્રમ યોજાયો

# ૨૨ મોબાઈલ સહિત રૂ.૧૯.૫૨ લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કરાયા

### 12 અરજદારોને રૂ.7.47 લાખનું સાયબર ફ્રોડની રકમ રિફંડ, મિલકત સંબંધિત ગુનામાં રિકવર કરેલો રૂ.7.66 લાખનો મુદ્દામાલ પણ સોંપાયો

(પ્રતિનિધિ ) વડોદરા તા.8

વડોદરા શહેર પોલીસે તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગુમ થયેલા મોબાઈલ, સાયબર ફ્રોડની રકમ અને મિલકત સંબંધી ગુનામાં રિકવર કરાયેલો મુદ્દામાલ મૂળ માલિકોને પરત કરી પ્રશંસનીય કામગીરી કરી છે. પોલીસે રૂ.19.52 લાખનો મુદ્દામાલ મૂળ માલિકોને સોંપ્યો હતો.

ગોરવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં




અલગ-અલગ વ્યક્તિઓના ગુમ કે ખોવાયેલા મોબાઈલ અંગેની અરજીઓ તેમજ સાયબર ફ્રોડનો ભોગ બનેલા અરજદારોની રકમ પરત અપાવવા માટે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત મિલકત સંબંધી ગુનાઓમાં રિકવર કરાયેલો મુદ્દામાલ પણ મૂળ માલિકોને પરત કરાયો હતો. ગોરવા પીઆઈ કે.એન. લાઠિયાની સીધી દોરવણીમાં પોલીસ ટીમે કામગીરી કરી હતી. ટેક્નિકલ સોર્સના આધારે અ.લો. ઈકબાલભાઈ કરીમભાઈ દ્વારા ગુમ થયેલા 22 મોબાઈલ કિંમત રૂ.4,38,380 શોધી કાઢવામાં આવ્યા હતા. જ્યારે અ.લો. અક્ષયભાઈ વિઠ્ઠલભાઈ દ્વારા સાયબર ફ્રોડના 12 અરજદારોને રૂ.7,47,453નું રિફંડ અપાવવામાં આવ્યું હતું. ઉપરાંત મિલકત સંબંધી ગુનામાં રિકવર કરાયેલો રૂ.7,66,403નો મુદ્દામાલ પણ પરત સોંપવામાં આવ્યો હતો.